# રોજગાર અને તાલીમ નિયામકની કચેરી,

(ISO 9001-2000 પ્રમાણીત સંસ્થા)
ગુજરાત રાજય,બ્લોક નં.૧, ત્રીજોમાળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
ફોન નં.૨૩૨૫૩૭૭૫. ફેકસ:–૦૭૯ ૨૩૨૫૩૮૩૫.
વેબ સાઈટ: www.talimrojgar.org.

ક્રમાંક:રોતાનિ/સીટીએસ/ચ– ૪/૨૦૦૮/૨૦૯૩૩
તારીખ:૦૬/૧૧/૨૦૦૮

## :: પરિપત્ર ::

**વિષય : GCVT પેટર્નના એક વર્ષ કે તેથી વધુ સમયગાળાના અભ્યાસક્રમોમાં ફાઉન્ડેશન કોર્સ મોડયુલ, Life (Soft) Skill મોડયુલ તથા Industrial Attachment ફરજીયાત બનાવવા બાબત.**

**વંચાણે લીધો:** એકઝીકયુટીવ કમિટિ, ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીગની તારીખ:૨૩/૯/૨૦૦૮ની બેઠકમાં લેવાયેલ નિર્ણય.

આ ખાતાના નિયંત્રણ હેઠળ આવેલ રાજયની તમામ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ / ગ્રાન્ટ ઈન એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો / સ્વનિર્ભર કેન્દ્રોના વડાઓને જણાવવાનું કે, રાજયમાં વિવિધ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં તાલીમ લઈ રહેલા યુવાનો ઉદ્યોગોમાં આવતી નવીન ટેકનોલોજીથી માહિતગાર થાય તથા ઉદ્યોગોને અનુરૂપ કુશળ માનવબળ મળી રહે તે આશયથી GCVT પેટર્નના એક વર્ષ કે તેથી વધુ સમયગાળાના અભ્યાસક્રમો માં જરૂરી ફેરફાર કરવા કમિટિની રચના કરવામાં આવેલ હતી. સદર કમિટિની ભલામણના આધારે ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીંગની એકજીકયુટીવ કમીટીની તારીખ:૫/૯/૨૦૦૮ ની બેઠકમાં મંજુર થયા મુજબ (૧) GCVT પેટર્નના એક વર્ષ કે તેથી વધુ સમયગાળાના અભ્યાસક્રમોમાં એન્જીનીયરીંગ ટ્રેડ ગૃપ અભ્યાસક્રમોમાં પ્રથમ માસની તાલીમમાં ફાઉન્ડેશન કોર્ષ માટેનું મોડયુલ દાખલ કરવા (૨) GCVT પેટર્નના એક વર્ષ કે તેથી વધુ સમયગાળાના તમામ અભ્યાસક્રમોમાં લાઈફ (સોફટ) સ્કીલના મોડયુલ સમગ્ર અભ્યાસક્રમના સમયગાળા દરમ્યાન દાખલ કરવા અંગે(૩) ઈન્ડસ્ટ્રીયલ ટ્રેનીંગ માટે ઈન્ડસ્ટ્રીયલ એટેચમેન્ટ ફરજીયાત બનાવવા અભ્યાસક્રમમાં જરૂરી ફેરફાર કરવા બાબતે નિર્ણય લેવાયેલ છે. આ બાબતે આ સાથે સામેલ પરિશિષ્ટ:૧ માં સામેલ GCVT પેટર્ન (રાજય કક્ષા)ના અભ્યાસક્રમોના એક વર્ષના વ્યવસાયોમાં અભ્યાસક્રમ ૩૧મી મે સુધી પૂર્ણ થાય તે મુજબ આયોજન કરવાનું રહેશે. અને તેથી વધુ સમયગાળાના અભ્યાસક્રમો માટે તદાનુસાર સપ્રમાણ સમયમર્યાદામાં સીલેબસનું આયોજન કરવાનું રહેશે. આગામી ઓગષ્ટ– ૨૦૦૯ના સત્રથી આ વ્યવસાયો આ નવા માળખા મુજબ શરૂ કરવાના રહેશે. તેમજ હવે પછી દાખલ કરવાના થતાં GCVT પેટર્નના એક કે તેથી વધુ વર્ષના અભ્યાસક્રમોમાં ઉપર મુજબનું સુચવેલ અભ્યાસક્રમનું માળખું ફાઉન્ડેશન કોર્સ, સોફટ સ્કીલ અને ઈન્ડસ્ટ્રીયલ એટેચમેન્ટ આવરી લેવાના રહેશે.

૧. **GCVT પેટર્નના એક વર્ષ કે તેથી વધુ સમયગાળાના એન્જીનીયરીંગ ટ્રેડ ગૃપ અભ્યાસક્રમોમાં ફાઉન્ડેશન કોર્ષ માટેનું મોડયુલ દાખલ કરવા અંગે.**

આઈ.ટી.આઈ.માં GCVT પેટર્નના અભ્યાસક્રમોમાં દાખલ થવા માટે મોટાભાગે ન્યુનત્તમ શૈક્ષણિક લાયકાત ધોરણ:૮ પાસ હોય છે. જયારે એન્જીનીયરીંગ ટ્રેડ ગૃપના અમુક અભ્યાસક્રમોની પ્રવેશ માટેની ન્યુનત્તમ શૈક્ષણિક લાયકાત એસ.એસ.સી. રાખવામાં આવેલ છે. અનુભવે જણાયેલ છે કે, આ તાલીમાર્થીઓ ગણિત અને વિજ્ઞાન વિષય માં પાયાનું જ્ઞાન પુરતા પ્રમાણમાં ધરાવતા નથી. ગણિત અને વિજ્ઞાન વિષય એ એન્જીનીયરીંગ ટ્રેડ ગૃપ માટે અત્યંત જરૂરી છે. અપુરતા જ્ઞાનના કારણે તાલીમાર્થીઓ પરીક્ષા સમયે આ વિષયોમાં નાપાસ થાય છે અથવા ખૂબ નબળા માર્કસ સાથે ઉત્તિર્ણ થાય છે. આવા તાલીમાર્થીઓ જયારે ઉદ્યોગમાં રોજગારી મેળવે ત્યારે ગણિત વિજ્ઞાન ના અપુરતા જ્ઞાન કૌશલ્ય ના પરિણામે યોગ્ય પ્રમાણમાં રોજગારી મેળવી શકતા નથી. આવા તાલીમાર્થીઓ ગણિત અને વિજ્ઞાન માં પુરતું જ્ઞાન કૌશલ્ય મેળવે તેમજ અભ્યાસક્રમમાં આવતા આ બન્ને વિષયો ને લગતા સૈધ્ધાંતિક તેમજ પ્રાયોગિક મોડયુલ ને સરળતાથી સમજી શકે તે માટે GCVT પેટર્ન ના એન્જીનીયરીંગ ટ્રેડના એક વર્ષ કે તેથી વધુ સમયગાળાના અભ્યાસક્રમોમાં તાલીમના પ્રથમ બે માસ દરમ્યાન ફાઉન્ડેશન કોર્સ તરીકે ગણિત, ભૌતિક વિજ્ઞાન તથા રસાયણ વિજ્ઞાન ને જ લગતી મોડયુલર તાલીમ આપવી આવશ્યક છે. આ પ્રકારના ફાઉન્ડેશન કોર્ષ મોડયુલથી તાલીમાર્થીના ગણિત, વિજ્ઞાનના જ્ઞાન કૌશલ્યમાં વધારો થઈ શકે તેમજ સૈધ્ધાંતિક અને પ્રાયોગિક જ્ઞાન કૌશલ્યમાં પણ સહાયભુત થશે. આ મોડયુલ માટે નીચે જણાવેલ બે તબકકામાં પરીક્ષા યોજવાની રહેશે.

**(૧) ફાઉન્ડેશન કોર્સ પરીક્ષા નંબર : ૧**

આઈ.ટી.આઈ.માં દાખલ થતા તાલીમાર્થીનું ગણિત અને વિજ્ઞાન વિષયનું કૌશલ્યસ્તર જાણવું જરૂરી છે તે હેતુથી પ્રવેશના પ્રથમ અઠવાડીયામાં અથવા તાલીમાર્થી જે દિવસે દાખલ થાય તે દિવસથી ત્રણ કામકાજના દિવસોમાં સદર પરીક્ષા યોજવાની રહેશે. જેમાં ગણિત–૧૦૦ માકર્સ, ભૌતીક વિજ્ઞાન–૧૦૦ માકર્સ અને રસાયણ વિજ્ઞાન–૧૦૦ માકર્સનો હેતુલક્ષી ટેસ્ટ લેવામાં આવશે. જેનો સમયગાળો ત્રણ કલાકનો રહેશે. તેમજ આ ટેસ્ટ સંસ્થા કક્ષાએ મલ્ટીપલ ચોઈસ ઓબ્જેકટીવ ટાઈપ લેવાનું રહેશે કે જેમાં ૧૦૦ માર્કસના વિષયમાં ૨૫ મલ્ટીપલ ચોઈસ ઓબ્જેકટીવ ટાઈપ પ્રશ્નો ગુજરાતી ભાષામાં રહેશે. એટલે કે ઉપરોકત ૦૩ કલાકના ટેસ્ટમાં કુલ:૭૫ મલ્ટીપલ ચોઈસ ઓબજેકટીવ પ્રકારના પ્રશ્નો રહેશે. આ પ્રાથમિક ટેસ્ટને પાસીંગ માર્કસ માટે ગણત્રીમાં લેવાના રહેશે નહી. આ કસોટી GCVT દ્વારા યોજવામાં આવશે.

(૨) ફાઉન્ડેશન કોર્સ પરીક્ષા નંબર : ૨

ફાઉન્ડેશન કોર્સની બે નંબરની પરીક્ષા બે માસનો ફાઉન્ડેશન કોર્ષનો સમયગાળો પૂર્ણ થયા બાદ યોજવાની રહેશે. જેમાં ઉપર જણાવ્યા મુજબ જ ગણિત–૧૦૦ માકર્સ, ભૌતીક વિજ્ઞાન–૧૦૦ માકર્સ અને રસાયણ વિજ્ઞાન–૧૦૦ માકર્સનો હેતુલક્ષી ટેસ્ટ લેવામાં આવશે. જેનો સમયગાળો ત્રણ કલાકનો રહેશે. તેમજ આ ટેસ્ટ મલ્ટીપલ ચોઈસ ઓબ્જેકટીવ ટાઈપ લેવાનું રહેશે કે જેમાં ૧૦૦ માર્કસના વિષયમાં ૨૫ મલ્ટીપલ ચોઈસ ઓબ્જેકટીવ ટાઈપ ગુજરાતી ભાષામાં રહેશે. એટલે કે ઉપરોકત ૦૩ કલાકના ટેસ્ટમાં કુલ:૭૫ મલ્ટીપલ ચોઈસ ઓબજેકટીવ પ્રકારના પ્રશ્નો રહેશે. સદર પરીક્ષા માટે પાસીંગ માકર્સ ૪૦ % રહેશે. તેમજ તાલીમ સમય દરમ્યાન વધારાના બે પ્રયત્ન એટલે કે કુલ ત્રણ પ્રયત્નથી પરીક્ષા પાસ કરવાની રહેશે. આ પ્રાથમિક ટેસ્ટને પાસીંગ માર્કસ માટે ગણત્રીમાં લેવાનો રહેશે . આ માકર્સ તાલીમાર્થીની તાલીમાંત પરીક્ષા સમયે બાયોડેટા સાથે **GCVT** ખાતે મોકલવાના રહેશે. આ પરીક્ષા GCVT દ્વારા યોજવામાં આવશે.

**૨. GCVT પેટર્નના એક વર્ષ કે તેથી વધુ સમયગાળાના તમામ અભ્યાસક્રમોમાં Life (Soft) Skill ના મોડયુલ સમગ્ર અભ્યાસક્રમના સમયગાળા દરમ્યાન દાખલ કરવા અંગે.**

GCVT પેટર્ન ના અભ્યાસક્રમોમાં તાલીમ લઈ રહેલા યુવાનો માં ગુણવત્તા ચકાસણી તથા જાળવણી, નિયમીતતા, સ્વચ્છતા, શિસ્ત વિગેરે બાબતો નું જ્ઞાન જરૂરી છે. આ ઉપરાંત આ તાલીમાર્થીઓ રોજગાર બજારમાં પોતાની આગવી ઓળખ ઉભી કરી શકે અને જયારે રાષ્ટ્રિય / આંતરરાષ્ટ્રિય ઔદ્યોગિક ગૃહો ગુજરાત રાજયમાં મૂડી રોકાણ કરવા આકર્ષિત થયા છે ત્યારે આઈ.ટી.આઈ.માંથી ઉત્તિર્ણ થયેલ યુવાન આત્મવિશ્વાસથી સ્વનિર્ભર બની શકે કે રોજગારી પ્રાપ્ત કરી શકે તેમજ પોતાનુ જીવન ધોરણ ઉચું લાવી શકે તેવી સોફટ સ્કીલ ની તાલીમ આપવી અત્યંત જરૂરી છે.

GCVT પેટર્નના એક કે તેથી વધુ વર્ષના સમયગાળાના અભ્યાસક્રમોમાં સમગ્ર અભ્યાસક્રમ દરમ્યાન નીચે મુજબની Life (Soft) Skill ને લગતા મોડયુલો દાખલ કરવાના રહેશે. તેમજ તે મુજબ સીલેબસનું વિભાજન( Syllabus Split-up )કરવાનું રહેશે.

(1) English Language Proficiency (2) Communication Skill (3) Problem Solving (4) Occupational Safety and Health related issues(5) Self Confidence (6) Motivation (7) Self-Esteem (8) Basic Computer Skill (9) Environment Management (10) Business Etiquette (11) Team Building (12) Preparation of Curriculum vitae આવી સોફટ સ્કીલની તાલીમથી તાલીમાર્થી રાજય બહારના ઔદ્યોગિક ગૃહો કે જેઓ રાજયમાં મૂડી રોકાણ કરી રહયા છે તેવા ઉદ્યોગોમાં પણ આત્મવિશ્વાસથી જોડાઈ શકશે. તેમજ ઔદ્યોગિક ગૃહ પણ આવા તાલીમાર્થીઓને રોજગારી આપવા તત્પર બનશે.

૩. **GCVT પેટર્નના એક વર્ષ કે તેથી વધુ સમયગાળાના તમામ અભ્યાસક્રમોમાં ઈન્ડસ્ટ્રીયલ ટ્રેનીંગ ( ઈન્ડસ્ટ્રીયલ એટેચમેન્ટ ) ફરજીયાત બનાવવા અભ્યાસક્રમમાં જરૂરી ફેરફાર કરવા અંગે.**

GCVT પેટર્ન ના અભ્યાસક્રમોમાં તાલીમ લઈ રહેલા યુવાનો ઉદ્યોગોમાં આવતી નવી ટેકનોલોજીથી માહિતગાર થાય તથા ઉદ્યોગોમાં ઉત્પાદન થતા વિવિધ પ્રોડકસ તથા વિવિધ ઓપરેશન માટે ઉપયોગમાં લેવાતી મશીનરીથી પરીચીત થાય, ગુણવત્તા ચકાસણી તથા જાળવણી, નિયમીતતા, સ્વચ્છતા, શિસ્ત વિગેરે બાબતોથી માહિતગાર કરવા જરૂરી છે. જેથી ઉદ્યોગોના વાતાવરણ અને ટેકનોલોજીથી પરીચીત થાય અને તાલીમાર્થીઓનો ઉદ્યોગમાં કામ કરવાનો આત્મવિશ્વાસ વધે તેમજ તેમની રોજગારીની તકોમાં વધારો થાય આ હેતુસર તાલીમાર્થીને તાલીમની સાથે સાથે ઉદ્યોગો સાથેનું એટેચમેન્ટ જરૂરી બનાવેલ છે.

આ બાબતે GCVT પેટર્ન (રાજય કક્ષા)ના અભ્યાસક્રમોનું શૈક્ષણિક સત્ર ઓગષ્ટથી શરૂ થાય છે. અને એક કે તેથી વધુ વર્ષના અંતે ઓગષ્ટ કે સપ્ટેમ્બર માસમાં અંતિમ કસોટી યોજવામાં આવે છે. GCVT પેટર્નના અભ્યાસક્રમોમાં સીલેબસમાં સુધારો કરવામાં આવી રહેલ છે. આવા તમામ એક કે તેથી વધુ વર્ષના અભ્યાસક્રમો નો અભ્યાસક્રમ ૧લી મે સુધીમાં પૂર્ણ કરી આ અભ્યાસક્રમો માટેની પરીક્ષા ૧લી મે થી ૧૫મી મે સુધીમાં યોજી તમામ તાલીમાર્થીઓને માટે અભ્યાસક્રમને (એન્જીનીયરીંગ ટ્રેડ ગૃપ માટે અનુરૂપ ઉદ્યોગો અને નોન એન્જીનીયરીંગ ટ્રેડ ગૃપ માટે અનુરૂપ એકમો / સંસ્થા) સાથે જરૂરી પરામર્શ કરી ૧લી જુન થી બે મહિના માટે એટલે કે ૩૧મી જુલાઈ સુધી ઉદ્યોગોમાં ઈન્ડસ્ટ્રીયલ ટ્રેનીંગ ગોઠવવાથી તાલીમાર્થી ઉદ્યોગના વાતાવરણથી સુમાહિતગાર થશે અને તાલીમાર્થીનો ઉત્સાહ વધશે તેમજ તેની રોજગાર ક્ષમતામાં વધારો થશે. એન્જીનીયરીંગ ટ્રેડ ગૃપ માટે અનુરૂપ ઉદ્યોગો અને નોન એન્જીનીયરીંગ ટ્રેડ ગૃપ માટે અનુરૂપ એકમો / સંસ્થા સાથેના આ જરૂરી એટેચમેન્ટ માટે જે તે સંસ્થાના વડાએ પોતાની કક્ષાએથી પ્રયત્ન કરી ૧૦૦ % તાલીમાર્થીઓ ઉદ્યોગ/ એકમ / સંસ્થામાં ઈન્ડસ્ટ્રીયલ ટ્રેનીંગ મેળવે તે માટે જરૂરી વ્યવસ્થા કરવાની રહેશે. તમામ તાલીમાર્થીઓ ઈન્ડસ્ટ્રીયલ ટ્રેનીંગ માટે જોડાઈ શકે તે માટેની વ્યવસ્થા સંસ્થાના વડાએ દરેક વર્ષના એપ્રિલ માસ સુધીમાં કરવાની રહેશે. અને ઔદ્યોગિક તાલીમ માટે કયા તાલીમાર્થીઓ કયા ઉદ્યોગમાં જાય છે તેની સંપૂર્ણ વિગત દરેક વર્ષે GCVT ને એપ્રિલ માસમાં ફરજીયાત મોકલવાની રહેશે. ઉદ્યોગોમાં તાલીમ દરમ્યાન ના પરફોર્મન્સને નીચે દર્શાવેલ કુલ:૧૦ મુદ્દા આધારિત પ્રત્યેક મુદ્દા દીઠ કુલ ૧૦ માર્કસમાંથી સંબંધિત ઉદ્યોગ દ્વારા માર્કીંગ કરવામાં આવે અને આ મુદ્દાઓ અન્વયે આમ કુલ ૧૦૦ માર્કસમાંથી તાલીમાર્થીએ પરીક્ષામાં ઉત્તિર્ણ થવા માટે ઓછામાં ઓછા ૬૦ માર્કસ મેળવવા ફરજીયાત રહેશે. આ મુદ્દાઓ (1) Punctuality, (2) Discipline (3) Eagerness to learn, (4) Business Etiquette, (5) English language skills (6) Communication skills (7) Team-work (8) Problem solving capability, (9) Knowledge of Occupational Safety & Health and (10) Knowledge of trade (subject).

આવી તાલીમને ફરજીયાત બનાવી સફળ તાલીમ લેનાર તાલીમાર્થી કે જેને ઓછામાં ઓછા તાલીમ માટેના ૬૦ ટકા કે તેથી વધુ ગુણાંક મેળવ્યા હોય તેને તાલીમાર્થી દ્વારા અપાયેલ રેગ્યુલર સૈધ્ધાંતિક અને પ્રાયોગિક પરીક્ષા ના કુલ ગુણોમાં ઉમેરીને જ રાજય કક્ષાનું પરીક્ષા પાસ કર્યા અંગેનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.

આ બાબતે અત્યારથી જ જે તે સંસ્થા ખાતે ચાલતા રાજય કક્ષાના ટ્રેડના ગૃપને અનુરૂપ ઔદ્યોગિક એકમોનો સંપર્ક તાલીમાર્થીઓની ઈન્ડસ્ટ્રીયલ ટ્રેનીંગ માટે સંસ્થાના વડાએ કરવાનો રહેશે.

૪. **GCVT પેટર્નના એન્જીનીયરીંગ ટ્રેડ ગૃપના એક વર્ષના અભ્યાસક્રમોમાં ઉપરોકત સીલેબસમાં ફેરફારના કારણે અઠવાડીક કલાક વાઈઝ નીચે મુજબ ફેરફાર કરવાનો રહેશે.**

(૧) ફાઉન્ડેશન કોર્સ મોડયુલ તાલીમ કાર્યક્રમ( પ્રથમ બે માસ માટે):

અઠવાડીક ૪૨ કલાક છે તેમાં સોમવારથી શુક્રવાર નીચે જણાવ્યા મુજબ તાલીમ આપવાની રહેશે.

(અ) દૈનિક પ્રથમ ૩ કલાક ફાઉન્ડેશન કોર્સની તાલીમ.

(બ) ત્યાર બાદ ૨ કલાક સોફટસ્કીલની તાલીમ.

(ક) ત્યાર બાદ એક કલાક થિયરી.

(ડ) ત્યાર બાદ એક કલાક પ્રેકટીકલ.

(૨) નિયત સીલેબસમાં પછીના ૮ માસનો તાલીમ કાર્યક્રમ નીચે મુજબ રહેશે.

અઠવાડીક કુલ ૪૨ કલાકમાં સોમવારથી શુક્રવાર નીચે જણાવ્યા મુજબ તાલીમ આપવાની રહેશે.

(અ) ૨૮ કલાક વર્કશોપની તાલીમ.

(બ) ત્યાર બાદ ૪ કલાક થિયરી / વર્કશોપ કેલ્કયુલેશન અને ડ્રોઈંગ.

(ક) ત્યાર બાદ ૧૦ કલાક એકસ્ટ્રા કરીકયુલર એકટીવીટીમાં સોફટ સ્કીલની તાલીમ.

(૩) ઈન્ડસ્ટ્રીયલ એટેચમેન્ટનો તાલીમ કાર્યક્રમ (૨ માસ):

(અ) ૧લી જુન થી ૩૧ જુલાઈ જે તે સબંધિત એન્જીનીયરીંગ ટ્રેડ ગૃપ માટે ઉદ્યોગ અને નોન એન્જીનીયરીંગ ટ્રેડ ગૃપ માટે અનુરૂપ સંસ્થાઓ ઉદ્યોગોમાં તથા અનુરૂપ સંસ્થાના કામ કરવાના સમયપત્રક મુજબ તાલીમાર્થીઓને તાલીમ આપવાની રહેશે. જે તે તાલીમાર્થીઓની બેચની જવાબદારી ધરાવતા સબંધિત સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટરે પણ ઉદ્યોગો અથવા અનુરૂપ સંસ્થાના કામકાજના સમય દરમ્યાન તાલીમાર્થીઓની દેખરેખ અર્થે હાજર રહેવાનું રહેશે.

૫. GCVT પેટર્નના નોન એન્જીનીયરીંગ ટ્રેડ ગૃપના અભ્યાસક્રમોમાં ઉપરોકત સીલેબસમાં ફેરફારના કારણે નીચે મુજબ ફેરફાર કરવાનો રહેશે.

(૧) GCVT પેટર્નના નોન એન્જીનીયરીંગ ટ્રેડ ગૃપના એક વર્ષના અભ્યાસક્રમો માટે પ્રથમ ૧૦ માસ એકસ્ટ્રા કરીકયુલર એકટીવીટીમાં સોફટ સ્કીલની તાલીમ અઠવાડીક ૧૦ કલાક આપવાની રહેશે.

(૨) ત્યાર બાદ ઉપર ૪(૩)માં જણાવ્યા મુજબઈન્ડસ્ટ્રીયલ એટેચમેન્ટની તાલીમ ૦૨ માસ માટે એટલે કે ૧લી જુન થી ૩૧ જુલાઈ જે તે સબંધિત એકમ / સંસ્થા અનુરૂપ સંસ્થામાં ઔદ્યોગિક તાલીમ લેવાની રહેશે.

GCVT પેટર્નના એક વર્ષ કે તેથી વધુ સમયગાળાના એન્જીનીયરીંગ અને નોન એન્જીનીયરીંગ અભ્યાસક્રમો માટે ઉપર જણાવ્યા અનુસાર સમયગાળાના સપ્રમાણમાં અમલવારી કરવાની રહેશે.
(આ પરિપત્રનો ચુસ્ત પણે અમલ કરવાનો રહેશે.)

સંયુકત નિયામક
રોજગાર અને તાલીમ
ગાંધીનગર

બિડાણ : પરિશિષ્ટ– ૧

નકલ રવાના :

૧. આ ખાતાના નિયંત્રણ હેઠળ આવેલ રાજયની તમામ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ / ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોના વડાઓ / સરકારી ટેકનીકલ સંસ્થાઓના વડાઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
૨. નાયબ નિયામકશ્રી(તાલીમ), પ્રાદેશિક કચેરી, અમદાવાદ / વડોદરા / રાજકોટ / સુરત તરફ
૩. શાખા અધિકારીશ્રી શાખાઃઘ(જીઆઈએ) તરફ સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોને જાણ કરવા સારૂ.
૪. નાયબ નિયંત્રકશ્રી(પરીક્ષા) GCVT ગાંધીનગર તરફ

નાડીયા/Circular Soft Skill Training for GCVT Trades/N21CH/

ક્રમાંક: સીટીએસ/ચ–૪/૨૦૦૯/ ૨૪૯૪૪
રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી,
બ્લોક નંબર: ૦૧/ ૩જો માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાં ધી ન ગ ર.
તારીખ:૨૪/૧૧/૨૦૦૯.
૭/૧૨/૦૯

**URGENT / IMPORTANT**

પ્રતિ,
નાયબ નિયામકશ્રી(તાલીમ),
પ્રાદેશિક કચેરી,
અમદાવાદ / વડોદરા / રાજકોટ / સુરત.

વિષય : **GCVT પેટર્નના એક વર્ષ કે તેથી વધુ સમયગાળાના અભ્યાસક્રમોમાં ફાઉન્ડેશન કોર્સ મોડયુલ, Life (Soft) Skill મોડયુલ તથા Industrial Attachment ફરજીયાત બનાવવા બાબત.**
સંદર્ભ : ૧.આ કચેરીનો તારીખ:૦૬/૧૧/૨૦૦૮નો પરિપત્ર ક્રમાંક:સીટીએસ/ચ–૪/૨૦૦૮/૨૯૦૩૩

શ્રીમાન,

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, આ કચેરીના સંદર્ભિત પરિપત્રથી GCVT પેટર્નના એક વર્ષ કે તેથી વધુ સમયગાળાના અભ્યાસક્રમોમાં ફાઉન્ડેશન કોર્સ મોડયુલ, Life (Soft) Skill મોડયુલ તથા Industrial Attachment ફરજીયાત બનાવવામાં આવેલ છે. આ કચેરીના સંદર્ભિત પરિપત્રના પરિશિષ્ટ:૧માં દર્શાવેલ વ્યવસાયો એન્જીનીયરીગ છે કે નોન નોન એન્જીનીયરીગ છે તે અંગે મોટાભાગની સંસ્થાઓ દ્વારા ફાઉન્ડેશન કોર્સની પરીક્ષા લેવા બાબતે આ બાબતે પુચ્છા કરવામાં આવતી હતી. જે અન્વયે એન્જીનીયરીગ / નોન એન્જીનીયરીગ વ્યવસાયોની વિગત દર્શાવતું પરિશિષ્ટ:૧ આ સાથે સામેલ છે.આ અંગેની જાણ આપના વિભાગની સંબધિત સંસ્થાઓને કરવા યોગ્ય પ્રબંધ કરશો.

વધુમાં આ વ્યવસાયોના સીલેબસ આ ખાતાની વેબ સાઈટ talimrojgar.org ઉપર Downloads ઓપ્સનમાં * GCVT approved Syllabuses with Soft Skill NEW ઉપર મુકવામાં આવેલ છે. જે ડાઉનલોડ કરી મેળવી લેવાઆપની કક્ષાએથી સબંધિત સંસ્થાઓને જાણ કરવા વિંનતી છે.

આપનો વિશ્વાસુ

૩૦/૧૨/૦૯
મદદનીશ નિયામક(તાલીમ)
રોજગાર અને તાલીમ,
ગાં ધી ન ગ ર.
બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ:
૧. શાખા અધિકારીશ્રી, શાખા:ઘ(GIA)વડી કચેરી, ગાંધીનગર તરફ
૨. શાખા અધિકારીશ્રી, શાખા:આઈ.ટી.સેલ, વડી કચેરી, ગાંધીનગર તરફ

નાડીયા/CH–ના૨૧/

## પરિશિષ્ટ:૧

## GCVT પેટર્નના (રાજય કક્ષાના) અભ્યાસક્રમોની યાદી

| | | | |
|---|---|---|---|
| ૧ | સર્ટીફીકેટ કોર્ષ ઈન કોમ્પ્યુટર ટીચર્સ ટ્રેનીગ | ધોરણ:૧૦ + ૨ ની પધ્ધતિમાં ધોરણ: ૧૨ પાસ | ૬ માસ(નોન એન્જી) |
| ૨ | સર્ટીફીકેટ કોર્સ ઈન ઈ–કોમર્સ | ધોરણ:૧૦ + ૨ ની પધ્ધતિમાં ધોરણ: ૧૨ પાસ | ૧ વર્ષ (નોન એન્જી) |
| ૩ | સર્ટીફીકેટ કોર્સ ઈન વેબ–ડીઝા. | ધોરણ:૧૦ + ૨ ની પધ્ધતિમાં ધોરણ: ૧૨ પાસ | ૧ વર્ષ (નોન એન્જી) |
| ૪ | સર્ટી.કોર્સ ઈન મલ્ટીમીડીયા ટેકનોલોજી & D.T.P. | ધો.૧૦ + ૨ ની પધ્ધતિમાં ધો. ૧૨ પાસ અથવા ધો.૧૦ પછીનો AICTE માન્ય ઈજનેરી ડીપ્લોમાં અથવા ડીપ્લોમાં ઈન ફાઈન આર્ટસ. | ૧ વર્ષ (નોન એન્જી) |
| ૫ | સર્ટીફીકેટ કોર્સ.ઈન હાર્ડવેર ટેકનો. નેટવર્ક & એડમીનીસ્ટ્રેશન. | ધોરણ:૧૦ + ૨ ની પધ્ધતિમાં ધોરણ: ૧૨ પાસ અથવા ધો.૧૦ પછીનો AICTE માન્ય ઈજનેરી ડીપ્લોમાં. | ૧ વર્ષ (નોન એન્જી) |
| ૬ | સર્ટી.કોર્સ ઈન સોફટવેર પ્રોગ્રામીંગ | ધો.૧૦ + ૨ ની પધ્ધતિમાં ધો. ૧૨ પાસ | ૧ વર્ષ (નોન એન્જી) |
| ૭ | ઓફસેટ પ્રિન્ટર | ધો.૧૦ + ૨ ની પધ્ધતિમાં ધો. ૧૦ પાસ | ૧ વર્ષ (નોન એન્જી) |
| ૮ | સ્ટેનો કમ કોમ્પ્યુ.ઓપ.(અંગ્રેજી) | ધો.૧૦ + ૨ ની પધ્ધતિમાં ધો. ૧૦ પાસ (અંગ્રેજી વિષય સાથે) | ૧ વર્ષ (નોન એન્જી) |
| ૯ | પ્લેટ મેકર | ધો.૧૦ + ૨ ની પધ્ધતિમાં ધો. ૧૦ પાસ (ગણિત અને વિજ્ઞાનના વિષયો સાથે) | ૧ વર્ષ (નોન એન્જી) |
| ૧૦ | સ્ટેનો કમ કોમ્પ્યુટર ઓપ.(ગુજ.) | ધો.૧૦ + ૨ ની પધ્ધતિમાં ધો. ૧૦ પાસ (ગુજરાતી વિષય સાથે) | ૧ વર્ષ (નોન એન્જી) |
| ૧૧ | કોમ્પ્યુટર એડેડ કવાર્ટસ વોચ કમ મોબાઈલ ફોન મીકેનીક | ધો.૧૦ + ૨ ની પધ્ધતિમાં ધો. ૧૦ પાસ | ૧ વર્ષ (નોન એન્જી) |
| ૧૨ | કોમ્પ્યુ.એડેડ ડ્રેસ મેકીંગ & ડ્રેસ ડીઝા. | ધો.૧૦ + ૨ ની પધ્ધતિમાં ધો. ૧૦ પાસ | ૧ વર્ષ (નોન એન્જી) |
| ૧૩ | મેડીકલ ઈકવીપમેન્ટ મીકેનીક | ધો.૧૦ + ૨ ની પધ્ધતિમાં ધો. ૧૦ પાસ તથા N.C.V.T. પેટર્નના R.M.T.V. / ELECTRO.MECH. / ELECTRICIAN ટ્રેડ પૈકી (એન્જી) કોઈપણ એક ટ્રેડ પાસ. | ૧ વર્ષ (એન્જી) |
| ૧૪ | સર્ટી.કોર્સ ઈન મશીન ટુલરૂમ | ધો.૧૦ + ૨ ની પધ્ધતિમાં ધો. ૧૦ પાસ (ગણિત,વિજ્ઞાનઅંગ્રેજી વિષય સાથે) (૫૦ ટકા ગુણ આવશ્યક. અને અનામત કેટેગરી માટે ૪૦ ટકા ગુણ.) | ૨ વર્ષ (એન્જી) |
| ૧૫ | સેફટી એન્ડ સીકયોરીટી મેન. | ધો.૧૦ + ૨ ની પધ્ધતિમાં ધોરણ:૧૦ પાસ | ૧ વર્ષ (એન્જી) |
| ૧૬ | લીફટ મેન્ટેનન્સ મીકેનીક | ધો.૧૦ + ૨ ની પધ્ધતિમાં ધો. ૧૦ પાસ(વિજ્ઞાન પ્રવાહ અથવા I.T.I ઈલેકટ્રીશીયન પાસ | ૧ વર્ષ (એન્જી) |
| ૧૭ | ઓફસેટ પ્રિન્ટર એન્ડ પેકેજર્સ | ધો.૧૦ + ૨ ની પધ્ધતિમાં ધોરણ:૧૦ પાસ | ૧ વર્ષ (નોન એન્જી) |
| ૧૮ | મરીન એન્જીનીયરીંગ ટેકનીશીયન | ધો.૧૦ + ૨ ની પધ્ધતિમાં ધોરણ: ૮ પાસ | ૨વર્ષ (એન્જી) |
| ૧૯ | ઈલેકટ્રીકલ એપ્લાયન્સીસ રીપેરર | ધો.૧૦ + ૨ ની પધ્ધતિમાં ધોરણ:૧૦ પાસ | ૧ વર્ષ(એન્જી) |
| ૨૦ | ટુ વ્હીલર ઓટો રીપેરર | ધો.૧૦ + ૨ ની પધ્ધતિમાં ધોરણ:૮ પાસ | ૧ વર્ષ (એન્જી) |
| ૨૧ | મેશન (બિલ્ડીગ કન્સ્ટ્રકશન) | ધોરણ:૧૦ + ૨ ની પધ્ધતિમાં ધોરણ:૮ પાસ (ઈચ્છનીય ધોરણ–૧૦ + ૨ ની પધ્ધતિમાં ધોરણ–૧૦ પાસ) | ૧ વર્ષ (એન્જી) |
| ૨૨ | બુક બાઈન્ડર | ધોરણ:૧૦ + ૨ ની પધ્ધતિમાં ધોરણ:૮ પાસ | ૧ વર્ષ (નોન એન્જી) |
| ૨૩ | આર્મેચર મોટર રીવાઈન્ડીગ | ધોરણ:૧૦ + ૨ ની પધ્ધતિમાં ધોરણ: ૭ પાસ | ૧ વર્ષ (એન્જી) |
| ૨૪ | મેન્સ એન્ડ વુમન ગારમેન્ટ મેકીંગ | ધોરણ:૧૦ + ૨ ની પધ્ધતિમાં ધોરણ: ૭ પાસ | ૧ વર્ષ (નોન એન્જી) |
| ૨૫ | કારપેન્ટ્રી | ધોરણ:૧૦ + ૨ ની પધ્ધતિમાં ધોરણ: ૭ પાસ | ૧ વર્ષ (નોન એન્જી) |
| ૨૬ | જનરલ મીકેનીક | ધોરણ:૧૦ + ૨ ની પધ્ધતિમાં ધોરણ: ૭ પાસ | ૨ વર્ષ (એન્જી) |
| ૨૭ | વેલ્ડર કમ ફેબ્રીકેટર | ધોરણ:૧૦ + ૨ ની પધ્ધતિમાં ધોરણ: ૭ પાસ | ૧ વર્ષ (એન્જી) |
| ૨૮ | સર્ટિફીકેટ કોર્સ ઇન ફાઈનાન્સીયલ એડવાઈઝીંગ | ધોરણ: ૧૦+૨ ની પધ્ધતિમાં ધોરણ ૧૨ પાસ અથવા પોલીટેકનીક ડીપ્લોમા પાસ | ૧ વર્ષ (નોન એન્જી) |
| ૨૯ | સર્વીસીંગ ઓફ ન્યુ જનરેશન કાર | ધોરણ: ૧૦+૨ ની પધ્ધતિમાં ધોરણ ૧૦ પાસ | ૧ વર્ષ (એન્જી) |

રોજગાર અને તાલીમ નિયામકની કચેરી,
(ISO 9001-2000 પ્રમાણીત સંસ્થા)
ગુજરાત રાજય,બ્લોક નં.૧, ત્રીજોમાળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
ફોન નં.૨૩૨૫૩૭૭૫. ફેકસઃ-૦૭૯ ૨૩૨૫૩૮૩૫.
વેબ સાઈટઃ www.talimrojgar.org.

ક્રમાંકઃરોતાનિ/સીટીએસ/ચ- ૪/૨૦૦૯/ ૨૫૫૦
તારીખઃ૦૫/૦૩/૨૦૦૯
૨૦

## :: પરિપત્ર ::

વિષયઃGCVT પેટર્નના એક વર્ષ કે તેથી વધુ સમયગાળાના અભ્યાસક્રમોમાં ફાઉન્ડેશન કોર્સ મોડયુલ, Life (Soft) Skill મોડયુલ તથા Industrial Attachment ફરજીયાત બનાવવા બાબત.

વંચાણે લીધોઃ

૧.આ કચેરીનો તારીખઃ૬/૧૧/૨૦૦૮નો પરિપત્ર ક્રમાંકઃરોતાનિ/સીટીએસ/ચ-૪/૨૦૦૮/૨૦૯૩૩

૨.માન.નિયામકશ્રીના અધ્યક્ષસ્થાને વડી કચેરી, ગાંધીનગર ખાતે તારીખઃ૦૫/૦૩/૨૦૦૯ના રોજ મળેલ મિટિંગની કાર્યવાહીની નોંધ.

આ ખાતાના નિયંત્રણ હેઠળ આવેલ રાજયની તમામ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ / ગ્રાન્ટ ઈન એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો / સ્વનિર્ભર કેન્દ્રોના વડાઓને જણાવવાનું કે, રાજયમાં વિવિધ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં તાલીમ લઈ રહેલા યુવાનો ઉદ્યોગોમાં આવતી નવીન ટેકનોલોજીથી માહિતગાર થાય તથા ઉદ્યોગોને અનુરૂપ કુશળ માનવબળ મળી રહે તે આશયથી GCVT પેટર્નના એક વર્ષ કે તેથી વધુ સમયગાળાના અભ્યાસક્રમોમાં જરૂરી ફેરફાર કરી Life(Soft) Skill Module તથા Industrial Attachment ફરજીયાત બનાવવામાં આવેલ છે. સંદર્ભિત તારીખઃ૦૬/૧૧/૨૦૦૮ના પરીપત્રમાં મુદ્દા નંબરઃ૪.(૨)થી નિયત સીલેબસમાં પછીના ૮ માસનો તાલીમ કાર્યક્રમ અઠવાડીક કુલ ૪૨ કલાકમાં સોમવારથી શુક્રવાર નીચે જણાવ્યા મુજબ તાલીમ આપવાની સુચના આપવામાં આવેલ છે.

(અ) ૨૮ કલાક વર્કશોપની તાલીમ.
(બ) ત્યાર બાદ ૪ કલાક થિયરી / વર્કશોપ કેલ્કયુલેશન અને ડ્રોઈંગ.
(ક) ત્યાર બાદ ૧૦ કલાક એકસ્ટ્રા કરીકયુલર એકટીવીટીમાં સોફ્ટ સ્કીલની તાલીમ.

મુદ્દા નંબર:૪.(૨)માં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

(૨) નિયત સીલેબસમાં પછીના ૮ માસનો તાલીમ કાર્યક્રમ નીચે મુજબ રહેશે. અઠવાડીક કુલ ૪૨ કલાકમાં સોમવારથી શુક્રવાર નીચે જણાવ્યા મુજબ તાલીમ આપવાની રહેશે.

(અ) ૨૮ કલાક વર્કશોપની તાલીમ.

(બ) ત્યાર બાદ ૮ કલાક થિયરી / વર્કશોપ કેલ્કયુલેશન અને ડ્રોઈંગ.

(ક) ત્યાર બાદ ૦૬ કલાક એકસ્ટ્રા કરીકયુલર એકટીવીટીમાં સોફટ સ્કીલની તાલીમ

**GCVT અભ્યાસક્રમોમાં સોસ્યલ સ્ટડીનો વિષય ન હોવાથી તેના ૨ કલાકનો સમય આ સ્કીલમાં ફાળવવામાં આવેલ છે.**

GCVT પેટર્નના એક વર્ષ કે તેથી વધુ સમયગાળાના એન્જીનીયરીંગ અને નોન એન્જીનીયરીંગ અભ્યાસક્રમો માટે ઉપર જણાવ્યા અનુસાર સમયગાળાના સપ્રમાણમાં અમલવારી કરવાની રહેશે.

અન્ય સુચનાઓ યથાવત રહેશે.

(આ પરિપત્રનો ચુસ્ત પણે અમલ કરવાનો રહેશે.)

સંયુકત નિયામક
રોજગાર અને તાલીમ
ગાંધીનગર

નકલ રવના :

૧. આ ખાતાના નિયંત્રણ હેઠળ આવેલ રાજયની તમામ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ / ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોના વડાઓ / સરકારી ટેકનીકલ સંસ્થાઓના વડાઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
૨. નાયબ નિયામકશ્રી(તાલીમ), પ્રાદેશિક કચેરી, અમદાવાદ / વડોદરા / રાજકોટ / સુરત તરફ
૩. શાખા અધિકારીશ્રી શાખા:ઘ(જીઆઈએ) તરફ સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોને જાણ કરવા સારૂ.
૪. નાયબ નિયંત્રકશ્રી(પરીક્ષા) GCVT ગાંધીનગર તરફ

નાડીયા/Circular Soft Skill Training for GCVT Trades/N21CH/